# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 28-10-2024** **Evening : 7.10 to 7.20 pm**
**Day : Monday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **હિના મોદી** વાંચે છે.

---

1. વડોદરામાં સી-295ના ઉદઘાટન પ્રસંગે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું કે ફેક્ટરી, નવા ભારતની નવી કાર્ય સંસ્કૃતિને પ્રતિબિંબિત કરે છે.
2. સૌરાષ્ટ્રને 4 હજાર 800 કરોડ રૂપિયાના વિવિધ વિકાસકામોની ભેટ આપતા પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી..
3. વડોદરામાં લક્ષ્મી વિલાસ પેલેસ ખાતે યોજાયેલી વેપારી પ્રતિનિધમંડળની વાતચીતમાં વેપાર, વાણિજ્ય, સંસ્કૃતિ સહિતના ક્ષેત્રોમાં સહયોગ વધારવા... ભારત- સ્પેન સંમત
4. પ્રવાસીઓ માટેના નવીન આકર્ષણ એવા 'બરડા જંગલ સફારી' ફેઝ-૧નો આવતીકાલથી આરંભ
5. આજથી દિવાળીના ઉત્સવનો આરંભ.. રમા એકાદશી અને વાઘ બારસ નિમિત્તે યોજાઇ વિશેષ પૂજા...

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# PM MODI _ VADODARA C-295

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને સ્પેનના પ્રધાનમંત્રી પેડ્રો સાંચેઝે આજે ગુજરાતના વડોદરામાં સી-295 લશ્કરી વિમાનોના નિર્માણ માટે ટાટા એરક્રાફ્ટ કૉમ્પલેક્સનું ઉદ્ઘાટન કર્યું. તે ભારતમાં લશ્કરી વિમાનના વિનિર્માણ માટે ખાનગી ક્ષેત્રની પ્રથમ અંતિમ અસેમ્બ્લી લાઇન છે.

આ પ્રસંગે સંબોધન કરતા પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું કે ટાટા એરક્રાફ્ટ કૉમ્પલેક્સ  વૈશ્વિક વિમાન નિર્માણમાં વિશ્વાસપાત્ર ભાગીદાર તરીકે ભારતની સ્થિતિને મજબૂત બનાવે છે. તેમણે કહ્યું કે આ ફેક્ટરી માત્ર ભારત-સ્પેનના સંબંધોને જ સશક્ત નથી બનાવતી, પરંતુ 'મેક ઇન ઇન્ડિયા' અને 'મેક ફૉર ધ વર્લ્ડ'ના મિશનને પણ બળ આપે છે.

સરંક્ષણ ઉત્પાદન ક્ષેત્રે ભારતની વધતી ક્ષમતાઓ વિશે વાત કરતા શ્રી મોદીએ જણાવ્યું કે એ દિવસો દૂર નથી જ્યારે ભારત વિશ્વ માટે પ્રવાસી વિમાનોનું ઉત્પાદન કરશે, અને ભારતના સૂક્ષ્મ, લઘુ તેમજ મધ્યમ ઉદ્યોગોનો તેમાં મોટો ફાળો હશે.

(BYTE - PM MODI,  MAKE IN INDIA)

પ્રધાનમંત્રીએ દેશના સંરક્ષણ ક્ષેત્રના અભૂતપૂર્વ વિકાસનો પણ ઉલ્લેખ કર્યો. તેમણે જણાવ્યું કે છેલ્લા પાંચ વર્ષોમાં દેશમાં લગભગ એક હજાર સંરક્ષણ સ્ટાર્ટઅપ સ્થાપવામાં આવ્યા છે. છેલ્લા દસ વર્ષ દરમિયાન દેશની સંરક્ષણ નિકાસમાં ત્રીસ ગણો વધારો થયો છે. ભારત હવે વિશ્વના 100થી વધુ દેશોમાં સંરક્ષણ ઉત્પાદનોની નિકાસ કરે છે.

પ્રધાનમંત્રીએ જણાવ્યું કે વડોદરામાં ઉભું કરાયેલ આ એરક્રાફ્ટ કૉમ્પલેક્સ દેશનાં યુવાનોને કૌશલ્ય તેમજ ટેક્નોલોજીની માહિતી આપવામાં મહત્વની ભૂમિકા ભજવશે, સાથે જ તેના રોજગાર માટે હજારો તકો પણ ઉભી કરશે. ફૂડ, ફિલ્મ અને ફૂટબોલ દ્વારા ભારત અને સ્પેન વચ્ચે લોકોના મજબૂત સંબંધોને લઈને પ્રધાનમંત્રીએ કહ્યું કે બંને દેશોએ વર્ષ 2026ને સસ્કૃતિ, પર્યટન અને AIના વર્ષ તરીકે મનાવવાનું નક્કી કર્યું છે.

કાર્યક્રમ બાદ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને સ્પેનના પ્રધાનમંત્રી પેડ્રો સાંચેઝે એક રોડ શૉ પણ કર્યો હતો.

---------

## PM - AMRELI VIKASKARYO

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ અમરેલીમાં 4 હજાર, 800 કરોડ રૂપિયાના વિવિધ વિકાસ કાર્યોનું ખાતમુહુર્ત અને લોકાર્પણ કર્યું. આ પ્રસંગે સંબોધન કરતા પ્રધાનમંત્રીએ જણાવ્યું કે જળ સંરક્ષણ સરકારની પ્રાથમિકતા છે. વધુમાં તેમણે ઉમેર્યું કે ભાજપના વડપણ હેઠળની સરકાર દરમિયાન ગુજરાતમાં મોટા પાયે પરિવર્તન અને બહુમખી વિકાસ થયો છે, ખાસ કરીને સૌરાષ્ટ્રના સૂકા વિસ્તારોમાં પાણી પહોંચવાથી ખેડૂતોના આર્થિક સમૃદ્ધિના દ્વાર ખુલ્યા છે.

શ્રી મોદીએ સૌની યોજના સહિત સરકારની વિવિધ યોજનાઓ પર પ્રકાશ પાડ્યો, જે સૌરાષ્ટ્ર માટે મહત્વની સાબિત થઈ.

## (બાઇટ- પીએમ, અમરેલી)

તેમણે જાણીતા ઉદ્યોગપતિ સવજીભાઈ ધોળકિયા દ્વારા હાથ ધરાયેલા જળ સંરક્ષણના પ્રયાસોની પણ પ્રશંસા કરી હતી.

આજે ઉદ્ઘાટન કરાયેલા મુખ્ય પ્રકલ્પોમાં 101.4 કિલોમીટરની ભુજ-નલિયા રેલ લાઇનનું ગેજ રૂપાંતર, રાષ્ટ્રીય ધોરીમાર્ગ NH 151, NH 151A, અને NH 51 ના વિવિધ વિભાગોનું ચાર-માર્ગીકરણ અને 700 કરોડ રૂપિયાથી વધુના વિવિધ વિકાસકાર્યોનો સમાવેશ થાય છે.

-----------------------------------

## PM - AMRELI

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી બપોર બાદ અમરેલી ખાતે અંદાજે 4,900 કરોડ રૂપિયાના વિકાસ કાર્યોનું ખાતમહૂર્ત અને લોકાર્પણ કર્યું. આ વિકાસ કાર્યોથી અમરેલી, જામનગર, મોરબી, દેવભૂમિ દ્વારકા, જૂનાગઢ, પોરબંદર, કચ્છ અને બોટાદ જિલ્લાના નાગરિકોને લાભ થશે. પીએમ અમરેલીના દુધાળામાં ભારત માતા સરોવર ખાતે ધોળકિયા ફાઉન્ડેશનની જળ સંરક્ષણ પહેલનું પણ ઉદ્ઘાટન કર્યું.

અમારા સંવાદદાતા અપર્ણા ખૂંટ જણાવે છે કે પ્રધાનમંત્રી લગભગ 1,100 કરોડ રૂપિયાના ખર્ચે બનેલ ભુજ-નલિયા રેલ ગેજ કન્વર્ઝન પ્રોજેક્ટ રાષ્ટ્રને સમર્પિત કર્યું. આ ઉપરાંત 2,800 કરોડ રૂપિયાથી વધુના રોડ પ્રોજેક્ટ્સ અને 700 કરોડ રૂપિયાથી વધુના જળ સંરક્ષણ પ્રોજેક્ટ્સનું લોકાર્પણ કર્યું.

-------------------

## PM - LAKSMI VILAS PALACE

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને તેમના સ્પેનિશ સમકક્ષ પેડ્રો સાંચેઝ સાથે આજે વડોદરામાં લક્ષ્મી વિલાસ પેલેસ ખાતે વેપારી પ્રતિનિધિમંડળ સ્તરની વાતચીત કરી હતી, જે દરમિયાન બંને દેશો વચ્ચે કેટલાક સમજૂતી કરાર થયા. વડોદરામાં આજે પત્રકાર પરિષદને સંબોધતા વિદેશ મંત્રાલયના પશ્ચિમ ક્ષેત્રના સચિવ તન્મય લાલે જણાવ્યું કે આજે થયેલી ચર્ચા દરમિયાન બંને દેશોના હિતને લગતાં વેપાર, વાણિજ્ય, સંસ્કૃતિ, નવીનતા, ટેકનોલોજી અને અન્ય ક્ષેત્રો અંગે ચર્ચા થઇ અને રેલવે, જકાત, સાંસ્કૃતિક આદાન-પ્રદાન ક્ષેત્રમાં સહકાર વધારવા અંગે સમજૂતી કરાર કરવામાં આવ્યા. તેમણે કહ્યું કે વર્ષ 2026ને ભારત અને સ્પેન દ્વારા સંસ્કૃતિ, પ્રવાસન તેમજ એ.આઇ. ક્ષેત્ર માટેનું વર્ષ તરીકે ઉજવવામાં આવશે.

------------------------------------

## MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણી અમદાવાદ વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી youtube ચેનલ એઆઈઆર ન્યુઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા X હેન્ડલ AIR ન્યુઝ અન્ડર સ્કોર એ બી એ ડી ને ફોલો કરી શકશો..

...................................

## AGD AKASHWANI

કેન્દ્ર સરકારના માહિતી અને પ્રસારણ મંત્રાલયના અધિક નિદેશક ડોક્ટર દિપાલી શર્માએ આજે ગુજરાતમાં આવેલા માહિતી અને પ્રસારણ મંત્રાલયના કાર્યાલયોની મુલાકાત લીધી અને એક પેડ માં કે નામ અને સ્વચ્છતા વિશેષ અભિયાનના ચોથા ચરણની કામગીરીની સમીક્ષા કરી.

તેમણે આકાશવાણી અમદાવાદ કેન્દ્રના સમાચાર સહિતના તમામ વિભાગોની મુલાકાત લીધી હતી  તેમજ સ્ટેશન ડાયરેક્ટર એન.એલ.ચૌહાણ સાથે તેમણે સ્વચ્છતાની કામગીરી અંગેનુ નિરક્ષણ કરીને જાત માહિતી મેળવી હતી. ડોક્ટર દિપાલી શર્માને આકાશવાણી અમદાવાદની સ્વચ્છતા અને એક પેડ માં કે નામના અભિયાન અંતર્ગત થયેલી કામગીરી અંગે સંતોષ વ્યક્ત કર્યો હતો. તેમજ અધિકારીઓ અને કર્મચારીઓને જરૂરી માર્ગદર્શન પણ આપ્યું હતું.

તેમણે આકાશવાણી ઉપરાંત દૂરદર્શન કેન્દ્ર અને પ્રેસ ઇન્ફોર્મેશન બ્યુરોની પણ મુલાકાત લીધી હતી અને સ્વચ્છતા નિરીક્ષણ કર્યું હતું. ત્યાર બાદ તેમણે આકાશવાણી અમદાવાદ ખાતે એફ એમ કેન્દ્રોના વડાઓ સાથે બેઠક કરી.

આ બેઠકમાં આકાશવાણી અમદાવાદનાં કાર્યાલય અધ્યક્ષ એન.એલ.ચૌહાણ સહિત સંસ્થાના ઉચ્ચ અધિકારીઓએ ઉપસ્થિત રહ્યા હતા.

-----------------------------------

## BARADA JANGAL SAFARI - M.BERA

સાસણ ગીર બાદ હવે 'એશિયાઈ સિંહો'નું બીજું નવું રહેઠાણ - 'બરડા વન્યજીવ અભયારણ્ય બન્યું છે.

દેશભરના પ્રવાસીઓ માટેના નવીન આકર્ષણ એવા 'બરડા જંગલ સફારી' ફેઝ-૧નો વન-પર્યાવરણ મંત્રી મૂળુભાઈ બેરાના હસ્તે આવતીકાલથી આરંભ થશે.

દેવભૂમિ દ્વારકાના કપુરડી ચેક પોસ્ટ ખાતે બપોર બાદ આ કાર્યક્રમ યોજાશે..

બરડા પ્રદેશના ઊંચા નીચા ડુંગર- ટેકરીઓથી સુસજ્જિત  આશરે ૧૯૨ ચોરસ કિ.મી. વિસ્તાર અભયારણ્ય માટે આરક્ષિત છે. ત્યારે  આ અભયારણ્યમાં ૩૬૮  વનસ્પતિની પ્રજાતિ જેમાં સૌથી વધુ ૫૪ ટકા ક્ષુપનું પ્રમાણ જોવા મળે છે. આ અભયારણ્યમાં  સિંહની સાથે દીપડા, જંગલી બિલાડી, ઝરખ, નોળિયો, વીંજનાનું વણીયર, શિયાળ, લોંકડી, સસલા વગેરે વન્યજીવોનું રહેઠાણ પણ છે..

લગભગ ૧૪ દાયકા પછી આ જંગલના વિસ્તાર ફરી એક વખત એશિયાઇ સિંહોની હાજરી જોવા મળી છે.

બરડા જંગલ સફારીમાં ભાણવડ -રાણાવાવ તેમજ બરડા વન્યપ્રાણી અભયારણ્યના સૌથી મનોહર વિસ્તારોનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ સફારી દ્વારા પ્રવાસીઓ બરડા વન્યજીવ અભયારણ્યની સમૃદ્ધ જૈવવિવિધતાનો રોમાંચક અનુભવ કરશે. આ સફારી ટ્રેઇલ કીલગંગા નદીના સાનિધ્યમાંથી પસાર થાય છે.

સફારી પરમિટ મેળવવા માટે પ્રવાસીઓએ ટિકિટ બારી પર અગાઉથી બુકિંગ કરાવવું ફરજીયાત છે. આગામી સમયમાં આ પરમિટ માટે ઓનલાઇન બુકિંગની સુવિધા પણ ઉપલબ્ધ થશે, જેથી પ્રવાસીઓ વધુ સરળતાથી અને આગોતરું આયોજન કરી શકશે.

.................

## DANG - VAGHBARAS

દિવાળીના પંચપર્વની આજથી શરૂઆત થઇ છે... આજે રમા એકાદશી અને વાઘબારસની રાજ્ય સહિત દેશભરમાં ઉજવણી થઈ રહી છે. ત્યારે ડાંગ જિલ્લામાં વાઘ બારસનું અનોખું મહત્વ રહેલું છે. આદિવાસી સમાજ દ્વારા વાઘની મૂર્તિની પૂજા કરી વાઘ બારસની ઉજવણી કરાઈ છે. પૂજા કરવાનો મુખ્ય હેતું જંગલના પશુઓ અને તેના પાલતું પ્રાણીઓનું રક્ષણ થાય તે માટે ઉજવણી કરાઈ છે. આ અંગે વધુ માહિતી આપી રહ્યા છે સયાજુભાઈ ઠાકરે.....

**(બાઇટ- સયાજુભાઈ – સ્થાનિક)**

-----------------------------------

## GO GREEN

રાજ્યને પ્લાસ્ટીક મુક્તિ અને મહત્તમ વીજ બચત માટે ‘ગુજરાત પોલીસે અનોખી પહેલ શરૂ કરી છે..

પોલીસ વિભાગની વિવિધ ઇમારતોના છત ઉપર ઉર્જા વિભાગની મદદથી સોલાર પેનલ ઇન્સ્ટોલેશન કરાવી મહત્તમ વીજ બચત કરવામાં આવશે.પોલીસ ભવન તેમજ ગાંધીનગર પોલીસ અધિક્ષકની કચેરી ખાતે મળીને ૨૩૭ કિલો વૉટની ક્ષમતા ધરાવતી સોલર રૂફ્ટોપ સિસ્ટમ અલગ અલગ ઇમારતોના છત પર લગાવવામાં આવી છે. પોલીસ ભવન ખાતે પ્લાસ્ટીક બોટલ ક્રશર મશીન મુકાયું છે, જેના દ્વારા  સ્થળ પર જ પ્લાસ્ટીક બોટલ વેસ્ટ નિકાલ કરવા પોલીસે સંકલ્પ લીધો હતો..

-----------------------------------

# Havaman Agahi

આગામી સાત દિવસ તાપમાનનો પારો યથાવત રહે તેવી હવામાન વિભાગે આગાહી કરી છે.. રાજ્યના તમામ જિલ્લાઓમાં શુષ્ક વાતાવરણ રહેવાની શક્યતા છે. આગામી સાત દિવસ માટે ગુજરાતના હવામાન વિભાગ દ્વારા તાપમાન યથાવત રહેવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે, એટલે કે નવેમ્બર માસના પહેલા સપ્તાહમાં પણ ગરમીનો અનુભવ થશે.

હવામાન વિભાગના ડાયરેક્ટર એ.કે.દાસના જણાવ્યા અનુસાર ઉત્તર પશ્ચિમ અને ઉત્તર દિશા તરફથી પવનો ગુજરાત તરફ આવી રહ્યા છે. જેને કારણે રણપ્રદેશની ગરમી ગુજરાત સુધી આવી રહી છે. તેને કારણે તાપમાન વધુ નોંધાઈ રહ્યું છે, તદુપરાંત આકાશમાં પણ કોઈ છુટાછવાયા વાદળો પણ નથી. જેને કારણે સૂર્યના સીધા કિરણો જમીન ઉપર પડવાથી વધુ ગરમીનો અનુભવ થાય છે જે આગામી સાત દિવસ યથાવત રહેશે.

છેલ્લા 24 કલાકમાં અમદાવાદ શહેરનું મહત્તમ તાપમાન સામાન્ય કરતાં 3.2 ડિગ્રી સેલ્સિયસ વધુ રહીને 38.4 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું તું જ્યારે લઘુત્તમ તાપમાન સામાન્ય કરતાં 4.3 ડિગ્રી સેલ્સિયસ વધુ રહીને 23.4 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું.

.................

# SURAT - DIWALI EXTRA BUS

રાજ્યમાં અલગ-અલગ જિલ્લાઓમાંથી લોકો રોજગારી માટે શહેરોમાં આવતા હોય છે, ત્યારે દિવાળીના પંચ પર્વમાં લાંબી રજાના કારણે આ લોકો તેમના વતન પરત ફરતા હોય છે, અને પરિવાર સાથે દિવાળી ઉજવતા હોય છે. સુરતમાં હજારો

હીરાઘસુઓ અને રત્નકલાકારો માટે બે દિવસમાં 300થી વધુ બસ દોડાવવામાં આવી હતી.

જેથી એસટી વિભાગને અંદાજે 45 લાખથી વધુની આવક થઈ છે. ભાવનગર, સાવરકુંડલા, અમરેલી, ધારી, રાજકોટ, ગોંડલ, ગારિયાધાર સહિતના રૂટની બસોનો અવિરત પ્રવાહ ચાલુ રહ્યો હતો. આ બસોમાં 13 હજાર જેટલા લોકો પોતાના વતન પહોંચ્યા હતા.

----------------------

## BHARUCH E CIGIRETE

ભરૂચ સ્પેશ્યલ ઓપરેશન ગ્રુપની ટીમે અમદાવાદથી મુંબઇ કારમાં લઈ જવાતો 11 લાખ 80 હજાર રૂપિયાનો સિગરેટનો જથ્થો ઝડપ્યો છે.. આ સિગારેટનો જથ્થો ઝડપીને આંતરરાષ્ટ્રીય સ્મગલિંગના કૌભાંડનો પર્દાફાશ કર્યો છે.

ગેરકાયદેસર સિગારેટનો મોટો જથ્થો નેશનલ હાઇવે પર મુલદ પરથી ઝડપાયો હતો.. પોલીસે મહિલા સહિત 2 આરોપીની ધરપકડ કરીને સિગારેટ સહિત 15 લાખ 19 હજારનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો..દુબઇથી સિગારેટનો જથ્થો મંગાવી એકસાઇઝ ડ્યુટીની ચોરી કરવામાં આવતી હતી..

પ્રાથમિક તપાસમાં અમદાવાદ એરપોર્ટ પર સિગારેટ અને આઇ ફોન મંગાવી મુંબઇ પહોંચાડવાનો હોવાનું બહાર આવ્યું છે.

-------------------

## NARMADA-EKTA PARED

નર્મદાના એકતાનગર ખાતે 30 અને 31મી તારીખે રાષ્ટ્રીય એકતા પરેડ યોજાવાની છે. ત્યારે તેને લઇને તડામાર તૈયારીઓ ચાલી રહી છે.

રાષ્ટ્રીય કક્ષાના આ બે દિવસીય કાર્યક્રમ માટે રંગરોગાન, રોશની, હોર્ડીંગ્સ-બેનર, રસ્તાની બાજુમાં લગાવી દેવામાં આવ્યા છે. રોડ રસ્તા- સર્કલના બ્યુટીફિકેશન, કલાત્મક મૂર્તિઓ અને સુશોભનથી સજાવવામાં આવી રહ્યા છે. રોડ અને આસપાસના વિસ્તારની સ્વચ્છતા સફાઇ પણ પુરજોશમાં કરવામાં આવી રહી છે. કાર્યક્રમ-આયોજનને આખરી ઓપ આપવા વિવિધ સમિતિના અધિકારીઓ તૈયારીઓમાં જોડાઇ ગયા છે.

--------------------

## MEHSANA - KIT VITRAN

મહેસાણા જિલ્લાના વિસનગર ખાતે આરોગ્યમંત્રી ઋષિકેશ પટેલની ઉપસ્થિતિમાં શહેર અને તાલુકાની ગંગા સ્વરૂપા મહિલાઓને રાશન કીટ અને દિવાળીની મીઠાઈનું વિતરણ કરાયું હતું. જેમાં 110 મહિલાઓને કીટ આપી હતી. તેમજ આ મહિલાઓનું મેડિકલ ચેકઅપ કરવામાં આવ્યું હતું.

ઉલ્લેખનીય છે કે છેલ્લા 15 વર્ષ થી નિરાધાર મહિલાઓ ને જીવન જરૂરિયાત રાશન કીટ અપાય છે.

.................

# PANCHMAHAL - SAHKARI TALIM

પંચમહાલના ગોધરા ખાતે ખેડૂત વિકાસ સહકારી તાલીમ કાર્યક્રમ યોજાયો. આ કાર્યક્રમમાં ખેડૂતોના જીવન ધોરણને ઊંચુ લાવવા અને ખેડૂતોની આવક બમણી કરવા અંગે તથા ખેડૂતોને ઉદભવતા પ્રશ્નો અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. તેમજ પાક ધિરાણ કેવી રીતે સરળ થઈ શકે, વધુમાં વધુ ખેડૂતો પાક ધિરાણનો લાભ લઈ શકે, તેમજ સીએસસી સેન્ટર દ્વારા ખેડૂતોનું રજીસ્ટ્રેશન કરવા સહિતની બાબતો અંગે ચર્ચા કરી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

-------